# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 22-07-2025 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## ગાંધીનગરમાં અવકાશ કાર્યક્રમો માટે પ્રાદેશિક પરિષદનું આયોજન-:

ગાંધીનગરમાં અવકાશ કાર્યક્રમો માટે પ્રાદેશિક પરિષદનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના અગ્ર સચિવ મોના ખંધાર અને અમદાવાદના ISRO વૈજ્ઞાનિકો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ભારતીય અવકાશ કાર્યક્રમ અને નીતિઓ સામાજિક લાભ માટે ગ્રાઉન્ડ ઓબ્ઝર્વેશન એપ્લિકેશન્સ, ISRO જીઓ-પોર્ટલ, વેદ અને MOSDAC પર પ્રેઝન્ટેશન રજૂ કરાયું હતું. આ બેઠકમાં અવકાશ કાર્યક્રમો માટે અમલીકરણ અને ખામીઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

વિવિધ ક્ષેત્રોના વૈજ્ઞાનિકો, નીતિ નિર્માતાઓ, ઉદ્યોગ પ્રતિનિધિઓ અને હિસ્સેદારોને એકસાથે લાવવા માટે અવકાશ કાર્યક્રમો માટે પ્રાદેશિક પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. તેનો ઉદ્દેશ્ય પ્રાદેશિક વિકાસ માટે અવકાશ-આધારિત તકનીકોના અસરકારક ઉપયોગની ચર્ચા અને અન્વેષણ કરવાનો હતો.

---------------------------------------------------------------------------------------

## અબડાસા તાલુકાના હેરીટેજ વિલેજ તેરાનો 16 કરોડ 80 લાખના ખર્ચે વિકાસ કરાશે:

વિવિધ ધાર્મિક સ્થાપત્ય અને રાજાશાહી ઈતિહાસ ધરાવતા અબડાસા તાલુકાના હેરીટેજ વિલેજ તેરાનો 16 કરોડ 80 લાખના ખર્ચે વિકાસ કરવામાં આવશે. આ માટે ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

ગામના ઇતિહાસને ધ્યાને રાખી સ્થાનિકોએ કરેલી રજુઆત બાદ ભુકંપ બાદ આ ગામને હેરીટેજ વિલેજનો દરજ્જો અપાયો હતો. અને વર્ષ 2007-08 દરમ્યાન ગામમાં હેરિટેજ વિકાસના કામો કરવામાં આવ્યા હતા. આ ગામમાં પ્રવાસીઓ આવે અને ઐતિહાસિક સ્થાપત્ય જળવાય એ માટે હવે ફરી પ્રવાસન વિભાગ દ્વારા પ્રવાસનની સુવિધાઓ વિકસિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને 16 કરોડ 79 લાખ 51,943 રૂપિયાના ખર્ચે પ્રવાસન સુવિધા વિકસાવવામાં આવશે તેવી વિગત પ્રાપ્ત થઇ છે.

---

## ઐતિહાસિક લખપતને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત:

કચ્છના ઐતિહાસિક ગામ લખપતને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા ગ્રામ પંચાયતના સરપંચ સુગરાબાનુ ખલીફાએ જિલ્લા કલેક્ટર મારફતે મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરી છે. જેમાં લખપતમાં રણોત્સવની જેમ જ 'હેરિટેજ ઉત્સવ' યોજવાની માંગ કરવામાં આવી છે. આ પહેલથી ગામ અને સમગ્ર કચ્છમાં પ્રવાસન અને રોજગારીની તકો વધશે તેમ જણાવવામાં આવ્યું છે.

અનેક ઐતિહાસિક વિરાસતોના સંગમ એવા લખપતમાં રાજ્યનો સૌથી મોટો કિલ્લો આવેલો છે. આ ઉપરાંત, ગુરુદ્વારા, ગૌસ મોહમ્મદની દરગાહ, શાહ અબુ તુરાબની દરગાહ સહિતના અનેક ઐતિહાસિક સ્થળો આવેલા છે હેરિટેજ ઉત્સવનું આયોજન કરવાથી લખપત અને કચ્છને વ્યાપક ફાયદો થશે અને સ્થાનિક સ્તરે રોજગારીની નવી તકો પણ ઊભી થશે તેમ લખપતના લેખક ઓસમાણ નોતીયાર અને લીયાકતઅલી નોતીયારે આકાશવાણીને જણાવ્યું હતું.

---

## સલામત પૂર્વ કચ્છ ઝુંબેશ અંતર્ગત 62 ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારોમાં સી.સી.ટી.વી. કેમેરા લગાવાયા:

પૂર્વ કચ્છમાં લૂંટ, ચોરી સહિતના બનાવો બનતા રહ્યા છે, ત્યારે પોલીસ દ્વારા શરુ કરાયેલી સલામત પૂર્વ કચ્છ ઝુંબેશ અંતર્ગત 62 જેટલા ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારની સોસાયટીઓમાં લોકોએ જાગૃત થઈ સી.સી.ટી.વી. કેમેરા લગાવ્યા છે.

પોલીસ દ્વારા સેફ ઈસ્ટ કચ્છ અભિયાન હેઠળ નાગરિકોને આવવા-જવાના માર્ગો ઉપર સી.સી.ટી.વી. કેમેરા લગાવવા અપીલ કરાઈ છે, તેમજ બજાર, સોસાયટી, કોમ્પ્લેક્સ, ઉદ્યોગો, ધાર્મિક જગ્યાઓ ઉપર પણ રોડ બાજુનો નજારો દેખાય તે રીતે કેમેરા ગોઠવવા પોલીસે લોકોને વિનંતી કરી છે.

---

## વિદ્યાર્થીઓની સલામતી માટે બધી CBSE શાળાઓમાં સીસીટીવી કેમેરા લગાવવા ફરજિયાત:

CBSE એ વિદ્યાર્થીઓની સલામતી માટે તેની બધી શાળાઓમાં ઓડિયો-વિઝ્યુઅલ રેકોર્ડિંગ સાથે ઉચ્ચ-ક્ષમતાવાળા સીસીટીવી કેમેરા લગાવવાનું ફરજિયાત બનાવ્યું છે.

નવા ધોરણો મુજબ, પ્રવેશ અને બહાર નીકળવાના દરવાજા, કોરિડોર, સીડી, વર્ગખંડો, પ્રયોગશાળાઓ, પુસ્તકાલયો, કેન્ટીન, રમતના મેદાનો અને શૌચાલય સિવાય તમામ કોમન વિસ્તારોમાં કેમેરા લગાવવામાં આવશે. કેમેરામાં રીઅલ-ટાઇમ રેકોર્ડિંગ અને ઓછામાં ઓછો 15 દિવસનો ડેટા ઉપલબ્ધ હશે જેનો ઉપયોગ જરૂરિયાત મુજબ કરી શકાય છે. આ સંદર્ભમાં ગઈકાલે જારી કરાયેલી સૂચનામાં, સીબીએસઈએ તેના નિયમોમાં સુધારાની જાહેરાત કરી છે.

---

## રાપરની ૧૧ પ્રાથમિક શાળાઓમાં સંચાલકોની જગ્યાઓ માટે અરજીઓ મંગાવાઈ:

રાપરની ૧૧ પ્રાથમિક શાળાઓમાં પ્રધાનમંત્રી પોષણ યોજનાના સંચાલકોની જગ્યાઓ માટે અરજીઓ મંગાવાઈ છે.

તાલુકાની પાલનપર, સવલખાવાડી, ખરોડીવાંઢ, ભીમગુડા, પાટીવાડી, ડેડરવાડી, પાસીયાવાડી, ગડાવાડી, બૈયાવાંઢ, ખારીયાવાંઢ તથા કમુઆરાવાંઢ સહિતની પ્રાથમિક શાળાઓમાં મધ્યાહ્ન ભોજન કેન્દ્રો માટે સંચાલકોની જગ્યા હંગામી ધોરણે ઉચ્ચક માનદ વેતનથી ભરવાની હોવાથી રાપર મામલતદાર કચેરીથી અરજી ફોર્મ મેળવીને ૫ ઓગસ્ટ સુધી અરજી કરી કરવા મામલતદાર રાપરની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

---

## આકાશવાણી રાજકોટના પૂર્વ ઉદ્ઘોષિકા અને નાટ્ય નિર્માત્રી રેણુબેન યાજ્ઞિકનું અવસાન:

આકાશવાણી રાજકોટનાં પૂર્વ ઉદ્ઘોષિકા અને નાટ્ય નિર્માત્રી રેણુબેન યાજ્ઞિકનું આજે રાજકોટ ખાતે અવસાન થયું છે. તેમણે ઘણા સમય સુધી બાળકો ના કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. બાળકોના કાર્યક્રમમાં તેઓ નાનીબેનનાં નામે જાણીતા હતાં.

---

## કચ્છમાં મગરમચ્છની વસ્તીમાં નોંધપાત્ર વધારો-હાલ કચ્છમાં ૮૦૦ જેટલા મગરમચ્છ:

કચ્છમાં છેલ્લા ૫૦ વર્ષ દરમ્યાન મગરમચ્છની વસ્તીમાં નોંધપાત્ર વધારો થયો હોવાની જાણકારી મળી છે. હાલ કચ્છમાં ૮૦૦ જેટલા મગરમચ્છ વિહાર કરી રહ્યા છે.

સરકાર દ્વારા છેલ્લા ૫૦ વર્ષથી કન્ઝર્વેશન અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે, જેની ફળશ્રુતિ રૂપે મગરની વસ્તીમાં નોંધપાત્ર વધારો થયો છે.

ભુજમાં કાર્યરત ગાઈડના ડાયરેક્ટર ડૉ. વિજયકુમારે વિગત આપતા જણાવ્યું હતું કે, વર્ષ ૧૯૭૫માં જ્યારે ભારતમાં જોવા મળતા ૩ પ્રકારના મગરની વસ્તી ઘટીને ૧ હજારથી ઓછી થઈ હતી ત્યારે સરકાર દ્વારા પ્રોજેક્ટ શરૂ કરાયો હતો. કચ્છમાં ચાડવા રખાલ મગરનું સૌથી સુરક્ષિત રહેઠાણ છે. કચ્છમાં જોવા મળતા મોટાભાગના મગર ચાડવા રખાલમાંથી નીકળી અન્ય જળાશયો તરફ ગયા છે.

---